ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ


| | |
|---|---|
| મોનિકા એચ.ગોસાઇ,<br>લેક્ચરર,<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,<br>જૂનાગઢ, ગુજરાત. | ડો. હિતેશ એમ. સોલંકી,<br>આસીસ્ટન્ટ પ્રોફેસર,<br>શ્રીમતી એમ. એમ. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન,<br>વઢવાણ, સુરેન્દ્રનગર, ગુજરાત. |

## સારાંશ

પૂર્વે થયેલા સંબંધિત સંશોધનોની સમીક્ષા આ સંશોધન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના વર્ષ ૨૦૧૦–૨૦૧૧ થી ૨૦૧૪– ૨૦૧૫ સુધીના પાંચ વર્ષની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવાન હેતુથી કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લાની સરકારી પીટીસી કોલેજમાં દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી વિ ાર્થીઓ એ પ્રસ્તુત અભ્યાસનો વ્યાપવિશ્વ અને તેમાંથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં પીટીસીના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી વિ ાર્થીનીઓને નમૂના તરીકે પસંદ કરેલ હતાં. વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૪–૧૫ સુધીમાં અભ્યાસ કરેલ કુલ ૨૧૪ વિ ાર્થીનીઓની શૈક્ષણિક સિદ્ધિનો પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ કર્યો હતો.પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. એકત્ર માહિતીનું પૃથકકરણ આંકડાશાસ્ત્રીય ગણતરી જેવી કે મધ્યક, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, વિષમતા અને કકૂદતા શોધવામાં આવી હતી. સંશોધનના મહત્વના તારણોમાં એવું જાણવા મળ્યુ કે ૨૦૧૪–૧૫ના વર્ષમાં શૈક્ષણિક સિદ્ધિનું સરેરાશ મૂલ્ય અન્ય વર્ષની તુલનામાં સૌથી વધુ જણાય છે. પીટીસીમાં અભ્યાસ કરનાર વિ ાર્થીની સંખ્યામાં સતત ઘટાડો થતો જોવા મળ્યો હતો.


## પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે નોકરી મેળવવા માટે પીટીસી અથવા બી.એડ.ની લાયકાત જરૂરી હતી. પરંતુ સમય જતાં તેના નિયમોમાં, ધોરણોમાં બદલાવ આવ્યો. ધોરણ ૧ થી ૫ સુધીના ધોરણમાં ભરતી માટેની લાયકાત પીટીસી અને ધોરણ ૬ થી ૮ સુધીના ધોરણમાં ભરતી માટે બી.એડ.ની લાયકાત નકકી કરવામાં આવી. આ ઉપરાંત ટેટની પરીક્ષા તો પાસ કરવી જરૂરી. આ નવા નિયમોના કારણે છેલ્લા પાંચ વર્ષોમાં પીટીસી(ડી.એલ.એડ)કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે જેની અસર તેના પરિણામો પર જોઈ શકાય છે. આથી સંશોધકે પાંચ વર્ષના દ્વિતીય વર્ષ પીટીસી(ડી.એલ.એડ)ના પરિણામોનો અભ્યાસ હાથ ધર્યો હતો.

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે પીટીસી(ડી.એલ.એડ) ના વર્ષ ૨૦૧૦–૨૦૧૧ થી ૨૦૧૪– ૨૦૧૫ સુધી પાંચ વર્ષ સુધીના ડી.એલ.એડના દ્વિતીય વર્ષ પરિણામોની સમીક્ષા કરવાનો અભ્યાસ હાથ ધર્યો હતો.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

**સંબંધિત સંશોધનોની સમીક્ષા**

પ્રસ્તુત અભ્યાસને સંબંધિત સંશોધનો જુદા જુદા સંશોધન કેન્દ્રો એ તેમજ યુનિવર્સિટી કક્ષાએ થઈ ગયેલા છે જેમના કેટલાક સંશોધનનો સાર અહીં રજૂ કરેલ છે.

પ્રસ્તુત સંશોધનોના હેતુઓના સંદર્ભમાં જોઈએ તો આ સંશોધન પટેલ(૧૯૯૨) , રાવલ (૨૦૦૪), ઉપાધ્યાય (૨૦૦૫) તેમજ અસ્મિતાબેન ( ૨૦૦૬) દ્વારા જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી એમ.એડ.ની પદવી માટે હાથ ધરાયા હતા.

પ્રસ્તુત સંશોધનોના હેતુઓના સંદર્ભમાં જોઈએ તો પટેલ(૧૯૯૨), રાવલ (૨૦૦૪),ઉપાધ્યાય (૨૦૦૫) અને અસ્મિતાબેન ( ૨૦૦૬)એ ધોરણ દશના વર્ષવાર પરિણામોની વિષયવાર, જાતિવાર, જ્ઞાતિવાર વગેરે ધ્યાનમાં રાખીને તુલના કરી હતી. રાવલ (૨૦૦૪)એ ગણિત અને વિજ્ઞાન વિષયની નિદાન કસોટી અને સત્ર કસોટી પર સિદ્ધિ કક્ષા પ્રાપ્તાંકો વચ્ચેનો સંબંધ, સિદ્ધિ કક્ષા પર જાતિની અસર, ઉપચાર કાર્યક્રમની અસરકારકતા તપાસવાનો અભ્યાસ કર્યો હતો.

પ્રસ્તુત સંશોધનોના ઉપકરણના સંદર્ભમાં જોઈએ તો પટેલ(૧૯૯૨) અને રાવલ(૨૦૦૪)એ માહિતીપત્રકોનું, ઉપાધ્યાય (૨૦૦૫) અને અસ્મિતાબેન( ૨૦૦૬)એ પરિણામપત્રકોનો ઉપયોગ કરેલ હતો.

પ્રસ્તુત સંશોધનોની સંશોધન પદ્ધતિના સંદર્ભમાં જોઈએ તો પટેલ(૧૯૯૨) એ સર્વેક્ષણ પદ્ધતિનો તેમજ રાવલ(૨૦૦૪), ઉપાધ્યાય (૨૦૦૫) અને અસ્મિતાબેન( ૨૦૦૬)એ દસ્તાવેજી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ હતો.

પ્રસ્તુત સંશોધનોની નિદર્શ પદ્ધતિના સંદર્ભમાં જોઈએ તો પટેલ(૧૯૯૨) એ સ્તરીકૃત યાદચ્છિક નમૂના પદ્ધતિ, અસ્મિતાબેન( ૨૦૦૬)એ સહેતુક ઝૂમખા નમૂના પદ્ધતિનો ઉપયોગ કરી નિદર્શ પસંદ કરેલ હતો.

પ્રસ્તુત સંશોધનોના તારણોના સંદર્ભમાં જોઈએ તો પટેલ(૧૯૯૨) દ્વારા હાથ ધરાયેલા સંશોધનોમાં વાર્ષિક પરીક્ષાના પરિણામો પ્રિલીમનરી કરતા સારા તેમજ બહેનોનું પરિણામ ભાઈઓ કરતાં વધુ સારુ જોવા મળ્યુ હતું. રાવલ(૨૦૦૪) દ્વારા હાથ ધરાયેલ સંશોધનમાં ગણિત અને વિજ્ઞાનની સત્રાંત અને નિદાન કસોટીના પરિણામોમાં સિદ્ધિ કક્ષામાં છોકરાઓ માટે ચલનાંકને લક્ષમાં લેતા છોકરીઓની સરાસરી વધુ સ્થિર જોવા મળી હતી. ઉપાધ્યાય (૨૦૦૫) દ્વારા હાથ ધરાયેલા સંશોધનોમાં પાંચ શાળાઓના પરિણામોમાં સાતત્ય નહોતું જોવા મળ્યું. જાતિય તફાવતોની સ્પષ્ટ અસર જોવા નહોતી મળી. અસ્મિતાબેન( ૨૦૦૬) દ્વારા હાથ ધરાયેલા સંશોધનમાં ગુજરાતી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન વિષયમાં તફાવત નહોતો જોવા મળ્યો. અંધ અને બહેરમુંગા વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૦–૧૧ની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

૨. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૧–૧૨ની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

૩. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૨–૧૩ની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

૪. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીની ૨૦૧૩–૧૪ની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

૫. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૪–૧૫ની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

૬. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૦–૧૧ થી ૧૪–૧૫ સુધીના પાંચ વર્ષની શૈક્ષણિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરવો.

૭. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૦–૧૧ થી ૧૪–૧૫ સુધીના પાંચ વર્ષની વિ ર્થીનીઓની સંખ્યાનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસના પશ્નો આ પ્રમાણે હતા.

VIDHYAYANA

૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૦–૧૧ની શૈક્ષણિક સિદ્ધિ શી હશે ?

૨. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૧–૧૨ની શૈક્ષણિક સિદ્ધિ શી હશે ?

૩. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૨–૧૩ની શૈક્ષણિક સિદ્ધિ શી હશે ?

૪. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૩–૧૪ની શૈક્ષણિક સિદ્ધિ શી હશે ?

૫. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના દ્વિતીય વર્ષ પીટીસીના ૨૦૧૪–૧૫ની શૈક્ષણિક સિદ્ધિ શી હશે ?

**સંશોધન ઉપકરણ**

સંશોધકે પોતાના સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને યોગ્ય ઉપકરણની પસંદગી કરવી જોઈએ. સંશોધક સંશોધનના હેતુઓને અનુરૂપ જે માહિતી મેળવવા ઈચ્છે છે તે જ માહિતી સંશોધક દ્વારા પસંદ થયેલા ઉપકરણ દ્વારા પ્રાપ્ય બનવી જોઈએ. યોગ્ય માહિતી એકત્રીકરણ એ સંશોધનનું એક અગત્યનું પાસું છે. કારણ કે મેળવેલ માહિતીના પૃથકકરણ અને અર્થઘટન પરથી જ તારણો પર જવાતું હોય છે. આથી હેતુને ધ્યાનમાં રાખી યોગ્ય માહિતી એકત્ર કરવા પર સંશોધનની સફળતાનો આધાર છે. સંશોધનના હેતુ અનુરૂપ યોગ્ય ઉપકરણ પસંદગી કરવી જરુરી છે. પ્રસ્તુત અભ્યાસમાં ડી.એલ.એડના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી વિ ાર્થીનીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવાનો હોવાથી ઉપકરણ તરીકે વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૪–૧૫ સુધીમાં અભ્યાસ કરેલ કુલ ૨૧૪ વિ ાર્થીનીઓના પરિણામોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**અભ્યાસ પદ્ધતિ**

સંશોધન સમસ્યાના પ્રકાર પ્રમાણે સંશોધન પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે. શૈક્ષણિક સંશોધનોમાં વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. શૈક્ષણિક સંશોધનોમાં સામાન્ય રીતે પ્રાયોગિક પદ્ધતિ, ઐતિહાસિક પદ્ધતિ, સર્વેક્ષણ પદ્ધતિ, સંબંધાત્મક પદ્ધતિ અને વિકાસાત્મક અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ થતો હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં ડી.એલ.એડના વર્ષ ૨૦૧૦ – ૨૦૧૧ થી ૨૦૧૪– ૨૦૧૫ સુધી પાંચ વર્ષ સુધીના પરિણામોની સમીક્ષા છે જેના માટે અભ્યાસકે દસ્તાવેજી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રીકરણની યોજના**

પ્રસ્તુત સંશોધનમાં ડી.એલ.એડના વર્ષ ૨૦૧૦–૨૦૧૧ થી ૨૦૧૪– ૨૦૧૫ સુધી પાંચ વર્ષના પરિણામો નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા પરિણામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના ડી.એલ.એડના પરિણામો રુબરુ મેળવવામાં આવ્યા હતા.

**માહિતી પૃથકકરણની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પીટીસીના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી વિ ાર્થીનીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૪–૧૫ સુધીમાં અભ્યાસ કરેલ કુલ ૨૧૪ વિ ાર્થીનીઓના પરિણામો દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. આ પરિણામો પરથી કમ્પ્યુટરમાં Excel ની મદદથી મધ્યક,મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, વિષમતા અને કકૂદતા શોધવામાં આવી હતી.

**માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન**

સંશોધન પ્રક્રિયામાં એકત્રિત માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન સૌથી મહત્વનો તબકકો છે. પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પીટીસીના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી વિ ાર્થીનીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૪–૧૫ સુધીમાં અભ્યાસ કરેલ કુલ ૨૧૪ વિ ાર્થીનીઓના પરિણામોને સારણીમાં દર્શાવેલ છે. આ પરિણામો પરથી કમ્પ્યુટરમાં Excel ની મદદથી મધ્યક,મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, વિષમતા અને કકૂદતા શોધવામાં આવી હતી.

સારણી. ૧.૧

**૨૦૧૦–૧૧ થી ૨૦૧૪–૧૫ વિ ાર્થીનીઓની શૈક્ષણિક સિદ્ધિ**

| વર્ષ | મધ્યક | મધ્યસ્થ | બહુલક | પ્રમાણ વિચલન | વિષમતા | કકૂદતા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૭૫.૧૯ | ૭૭.૩૫ | ૭૯.૨૦ | ૧૨.૧૭ | –૫.૨૧ | ૩૨.૧૪ | ૪૮ |
| ૨૦૧૧–૧૨ | ૭૬.૬૮ | ૭૭.૧૫ | ૭૮.૪૦ | ૦૪.૮૫ | –૦.૩૭ | ૦૦.૨૪ | ૫૦ |
| ૨૦૧૨–૧૩ | ૭૩.૨૭ | ૭૩.૪૦ | ૭૫.૦૦ | ૦૫.૮૨ | –૦.૭૫ | ૦૧.૩૭ | ૪૭ |
| ૨૦૧૩–૧૪ | ૭૫.૧૩ | ૭૫.૧૦ | ૭૫.૧૦ | ૦૩.૬૭ | ૦.૨૦ | ૦.૦૦ | ૪૧ |
| ૨૦૧૪–૧૫ | ૭૭.૮૧ | ૮૦.૩૫ | ૭૮.૧૦ | ૦૬.૭૧ | –૧.૦૧ | ૦.૮૬ | ૨૮ |

સારણી ૧.૧ માં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના ડી.એલ.એડના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી વિ ાર્થીનીઓની વર્ષવાર સંખ્યા અને તેના પરિણામોની સિદ્ધિ દર્શાવેલ છે.

- વર્ષ ૨૦૧૧–૧૨માં વિ ાર્થીનીઓની સંખ્યા સૌથી વધુ જોવા મળી ત્યાર બાદના વર્ષોમાં તેની સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો જોવા મળ્યો છે.
- વર્ષ ૨૦૧૪–૧૫માં વિ ાર્થીનીઓની સંખ્યા સૌથી ઓછી જોવા મળી હતી.
- વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૧–૧૨માં વિ ાર્થીનીઓના પરિણામોના મધ્યકમાં ક્રમશઃ વધારો થયેલ જોવા મળ્યો છે જયારે વર્ષ ૨૦૧૨–૧૩માં ક્રમશઃ ઘટાડો થયેલ જોવા મળ્યો છે તેમજ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં ક્રમશઃ વધારો થયેલ જોવા મળ્યો છે.
- વર્ષ ૨૦૧૦–૧૧ થી ૨૦૧૩–૧૪માં મધ્યસ્થનું મૂલ્ય ૭૩ થી ૭૫ વચ્ચે જોવા મળ્યું જયારે વર્ષ ૨૦૧૪–૧૫માં મધ્યસ્થનું મૂલ્ય સૌથી વધુ ૮૦.૮૧ જોવા મળ્યું.

- વર્ષ ૨૦૧૩–૧૪ના જૂથ વચ્ચેની ચલિતતા ૩.૬૭ જોવા મળી હતી એટલે કે આ વર્ષનું જૂથ સૌથી ઓછુ ચલિત હતું.
- વર્ષ ૨૦૧૦–૧૧માં મોટાભાગની વિ ાર્થીનીઓની ટકાવારી ૭૯.૨૦ જોવા મળી હતી.

**અભ્યાસના તારણો**

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે દર્શાવ્યા મુજબ છે.

- પ્રસ્તુત અભ્યાસ પરથી જણાય છે કે ૨૦૧૪–૧૫ના વર્ષમાં શૈક્ષણિક સિદ્ધિનું સરેરાશ મૂલ્ય અન્ય વર્ષની તુલનામાં સૌથી વધુ જણાય છે.
- વર્ષ ૨૦૧૪–૧૫માં શૈક્ષણિક સિદ્ધિનું મૂલ્ય સૌથી વધુ જોવા મળ્યું હતું.
- વર્ષ ૨૦૧૦–૧૧માં અન્ય વર્ષની તુલનામાં ચલિતતા સૌથી વધુ જોવા મળી હતી એટલે કે આ વર્ષનું જૂથ સૌથી વધુ ચલિત હતું.
- વર્ષ ૨૦૧૩–૧૪માં ખૂબ ઊંચી શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીનીઓ અને ખૂબ નબળી શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીનીઓની સંખ્યા ઓછી છે જ્યારે મધ્યમ શૈક્ષણિક સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીનીઓની સંખ્યા વધુ છે. મોટા ભાગની વિદ્યાર્થીનીઓ મધ્યમ કક્ષાની છે.
- શરુઆતના ચાર વર્ષમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વધુ હતી. વિદ્યાર્થીનીઓની સંખ્યા અનુક્રમે ૨૦૧૦- ૧૧ માં ૪૮,વર્ષ ૨૦૧૧-૧૨માં ૫૦,વર્ષ ૨૦૧૨-૧૩માં ૪૭,વર્ષ ૨૦૧૩-૧૪માં ૪૦ હતી જ્યારે છેલ્લા વર્ષ(૨૦૧૪-૧૫)માં વિદ્યાર્થીનીઓની સંખ્યા ૨૮ હતી. એટલે કે પીટીસી કરનાર વિદ્યાર્થીનીઓની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળ્યો હતો.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના તારણો પરથી આ પ્રમાણે શૈક્ષણિક ફલિતાર્થો તારવી શકાય.

- પ્રસ્તુત અભ્યાસ પરથી કોઈ પણ શૈક્ષણિક સંસ્થાની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવાની સૂઝ મળે છે.
- શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ પરથી અભ્યાસક્રમના કઠીનતામૂલ્ય અને સરળતા મૂલ્ય જાણી શકાય છે.
- ભાવિ અભ્યાસક્રમ નિર્માણમાં માર્ગદર્શન આપી શકાય છે.
- પ્રસ્તુત અભ્યાસ પરથી જાણવા મળેલ શૈક્ષણિક સિદ્ધિના આધારે તાલીમાર્થીઓને વ્યવસાયિક માર્ગદર્શન આપી શકાય છે.

## ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જૂનાગઢના પીટીસીના દ્વિતિય વર્ષના છેલ્લા પાંચ વર્ષના કુલ ૨૧૪ વિદ્યાર્થીનીઓના પરિણામોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં મોટા ભાગની વિદ્યાર્થીનીઓનું સરેરાશ પરિણામ ૭૦ ટકાથી વધુ જોવા મળ્યું હતું. ૨૦૧૦-૧૧થી ૨૦૧૪–૧૫ પાંચ વર્ષમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા કે પીટીસી કરનાર વિદ્યાર્થીનીઓની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળ્યો હતો.

## સંદર્ભ સૂચિ

પટેલ અરવિંદ આર.(૧૯૯૨), સાબરકાંઠા જિલ્લાના ઉતર બુનિયાદી વિદ્યાલયોના ધોરણ–૧૦ના વિદ્યાર્થીઓનાં (૧૯૮૭ થી ૧૯૯૧) સુધીના વાર્ષિક અને પ્રિલીમીનરી પરીક્ષાના પરિણામોનું અંકશાસ્ત્રીય પૃથકકરણ (અમદાવાદઃ ગુજરાત વિદ્યાપીઠ,એમ.એડ., અપ્રકાશિત લઘુશોધ નિબંધ)

રાવલ મેહુલભાઈ એન.(૨૦૦૪), ખેડા જિલ્લાની માધ્યમિક શાળાઓમાં લેવાયેલા ગણિત અને વિજ્ઞાનની નિદાન કસોટી અને પ્રથમ સત્રાંત કસોટીના પરિણામોનો તુલનાત્મક અભ્યાસ (અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી,એમ.એડ., અપ્રકાશિત લઘુશોધ નિબંધ)

ઉપાધ્યાય ભદ્રેશભાઈ કે.(૨૦૦૫),મોડાસા તાલુકાની ઉતરબુનિયાદી માધ્યમિક શાળાઓનાં છેલ્લા પાંચ વર્ષના એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓનાં પરિણામોનો વિવેચનાત્મક અભ્યાસ ( (અમદાવાદઃ ગુજરાત વિદ્યાપીઠ,એમ.એડ., અપ્રકાશિત લઘુશોધ નિબંધ)

અસ્મિતાબેન સેવરાજભાઈ(૨૦૦૬), ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૦૦૫માં લેવાયેલ ધોરણ–૧૦ની પરીક્ષામાં પાસ થયેલ વિકલાંગ વિદ્યાર્થીઓનાં પરિણામોનો અભ્યાસ (અમદાવાદઃ ગુજરાત વિદ્યાપીઠ,એમ.એડ., અપ્રકાશિત લઘુશોધ નિબંધ)